ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ:-2292/04/2024** **તા.05.04.2024**

## પેજ સમિતિના પ્રણેતા અને યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમા બનાસકાંઠા જિલ્લા નુ બૂથ પ્રમુખ સંમેલન ડિસા ખાતે યોજાયુ.

----

**2014 થી 2019 દરમિયાન મોદી સાહેબે કોગ્રેસ સમયના અધુરા કામો પુરા કર્યા અને 2019 થી 2024મા મોદી સાહેબે ઇતિહાસ લખવાનુ કામ કર્યુ છે. – શ્રી સી.આર.પાટીલ**

----

**લોકસભાની ચૂંટણીમા મોદી સાહેબ ત્રીજી વખત જીતવાની હેટ્રીક કરે તો આપણે ગુજરાતમા પણ 26 બેઠકો જીતી હેટ્રીક રેકોર્ડ કરી ઐતિહાસીક વિજયમેળવવાનો છે. – શ્રી સી.આર.પાટીલ**

----

**પેજ કમિટિના સભ્યોનો સંપર્ક કરવાનુ શરૂ કરો મે તમને જણાવેલ સિસ્ટમથી કામ કરશો તો 90 ટકા મતદાન થશે તે પણ ભાજપની તરફેણમા થશે. - શ્રી સી.આર.પાટીલ**

---

**વિકસીત સશક્ત અને આત્મનિર્ભર ભારત તેમજ મોદી સાહેબને સતત ત્રીજી વખત વડાપ્રધાન બનાવવા વધુમા વધુ મતદાન થયા તેવો પ્રયાસ કરીએ. – શ્રી રેખાબેન ચૌધરી**

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, પેજ સમિતિના પ્રણેતા અને યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમા બનાસકાંઠા જિલ્લા નુ બૂથ પ્રમુખ સંમેલન

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

ડિસા ખાતે યોજાયુ.આ કાર્યક્રમમા જિલ્લા પ્રમુખશ્રી કિર્તિસિંહ વાઘેલાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ બૂથ પ્રમુખશ્રીઓને સંબોધન કરતા જણાવ્યું કે, વિધાનસભાની ચૂંટણીમા ભાજપે 156 બેઠકો પ્રાપ્ત કરી પરંતુ 26 બેઠકો નજીવા અંતરે આપણે ગુમાવી પડી છે. કાર્યકર્તાઓએ કોઇ પણ જાતના વધારે વિશ્વાસમા ન રહેવુ. લોકસભામા દરેક બેઠક પર પાંચ લાખથી વધુની લીડ સાથે જીતવા એક સિસ્ટમ આપણે બનાવી છે અને તે મુજબ કામ કરો તેવી અપેક્ષા છે. બૂથના પ્રમુખશ્રીઓને વિનંતી કે તમારી નીચે 14 લોકોની ટીમ છે તેમનુ મતદાન ચોક્ક્સ પણે થાય તેની તકેદારી લેવી. ચૂંટણી સમયે વધારેમા વધારે મતદાન થાય તેવો પ્રયાસ કરવોનો છે.બૂથ પ્રમુખશ્રીઓને વિનંતી છે કે ફિલ્ડમા તમારે જવાનુ છે એક એક વ્યક્તિનો સંપર્ક કરવાનો છે તેમની ફરિયાદ હોય તો સાંભળો.2014 થી 2019 દરમિયાન મોદી સાહેબે કોગ્રેસ સમયના અધુરા કામો પુરા કર્યા અને 2019 થી 2024મા મોદી સાહેબે ઇતિહાસ લખવાનુ કામ કર્યુ છે. અંગ્રેજોના સમયનુ લોકસભા ભવનની જગ્યાએ નવુ ભવનનુ નિર્માણ કર્યુ જેમા પ્રથમ નિર્ણય મહિલાઓ માટે લોકસભા અને રાજયસભામા 33 ટકા અનામત આપવાનો નિર્ણય કર્યો. ખેડૂતો ના ખાતામા સિધા રૂપિયા જમા થાય છે કોઇ વચેટિયો હવે હોતો નથી તેવી વ્યવસ્થા કરી.યુવાનોને લોન મળે તે માટે વડાપ્રધાનશ્રી મોદી સાહેબ જામિન બની દેશના યુવાનો પર ભરોસો કર્યો છે. દેશમાથી 25 કરોડ લોકોને ગરિબિ રેખાથી બહાર લાવવ્યા છે. લોકસભાની ચૂંટણીમા મોદી સાહેબ ત્રીજી વખત જીતવાની હેટ્રીક કરે તો આપણે ગુજરાતમા પણ 26 બેઠકો જીતી હેટ્રીક રેકોર્ડ સાથે ઐતિહાસીક વિજય મેળવવાનો છે. પેજ કમિટિના સભ્યોનો સંપર્ક કરવાનુ શરૂ કરો મે તમના જણાવેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

75 આઝાદી કા અમૃત મહોત્સવ

સિસ્ટમથી કામ કરશો તો 90 ટકા મતદાન થશે તે પણ ભાજપના તરફેણમા થશે. આ વખતે કોઇ ચૂક ન રહે તેનુ ધ્યાન રાખજો.

ઉમેદવારશ્રી રેખાબેન ચૌધરીએ સંબોધન કરતા જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમા દેશમા ખૂબ વિકાસના કાર્યો થયા છે. ઇન્ફ્રાસ્ટ્રકચર.રોડ-રસ્તા.એરપોર્ટ,શિક્ષણ,જનસુખાકારીના કાર્યો સહિત ઘણા કાર્યો થયા છે. ભાજપ લોકસેવાના જનકલ્યાણના કાર્યો સાથે જોડાયેલ છે. મોદી સાહેબના નેતૃત્વમા ભાજપનો સુવર્ણ કાળ ચાલી રહ્યો છે. ભાજપમા વિશેષતા છેકે કાર્યકર્તાઓની મહેનતથી ચૂંટણી લડવામા આવે છે. વિકસીત, સશક્ત અને આત્મનિર્ભર ભારત તેમજ મોદી સાહેબને સતત ત્રીજી વખત વડાપ્રધાન બનાવવા વધુમા વધુ મતદાન થયા તેવો પ્રયાસ કરીએ.

આ કાર્યક્રમમા રાજયમંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત, સાંસદશ્રી પરબતભાઇ પટેલ, રાજયસભાના સાંસદશ્રી બાબુભાઇ દેસાઇ, બનાસકાંઠાના ઉમેદવારશ્રી રેખાબેન ચૌધરી,પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી જયંતિભાઇ કવાડીયા,ધારાસભ્યશ્રીઓ શ્રી કેશાજી ચૌહાણ,શ્રી પ્રવિણભાઇ માળી, શ્રી અનીકેત ભાઇ ઠાકર,શ્રી માવજીભાઇ દેસાઇ.શ્રી અમિતભાઇ ઠાકર, લોકસભાના પ્રભારીશ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, લોકસભા સીટના સંયોજકશ્રી રાણાભાઇ દેસાઇ , પ્રદેશના મંત્રીશ્રી નૌકાબેન પ્રજાપતિ, પુર્વ સાંસદશ્રી હરિભાઇ ચૌધરી,,પુર્વ રાજયસભાના સાંસદશ્રી દિનેશભાઇ અનાવાડીયા, શ્રી ગોવિંદભાઇ પ્રજાપતિ, સહિત બૂથ પ્રમુખશ્રીઓ તેમજ જિલ્લા અને પ્રદેશના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)